# ગુજરાત જાહેર સેવા આયોગ

સેક્ટર – ૧૦-એ, છ-૩ સર્કલ પાસે, છ રોડ,

ગાંધીનગર – ૩૮૨૦૧૦

**આર-૧ શાખા**

**જાહેરાત ક્રમાંક: ૨૯/૨૦૧૯-૨૦** ઉદ્યોગ અને ખાણ વિભાગની કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ કચેરી હસ્તકની પ્રોજેક્ટ મેનેજર, **વર્ગ-૧**ની કુલ-૦૪ જગ્યા માટે ઉમેદવાર પસંદ કરવા માટે તા:૨૪/૦૯/૨૦૧૯,૧૩.૦૦ કલાક થી તા.૦૯/૧૦/૨૦૧૯,૧૩.૦૦ કલાક સુધીમાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

આ જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતા પહેલાં 'જાહેરાતની સામાન્ય જોગવાઈઓ' અને ઓનલાઈન અરજી કરવાની રીત તેમજ અરજી ફી ભરવાની રીત અંગેની સૂચનાઓ આયોગના નોટીસબોર્ડ પર તથા આયોગની વેબસાઇટ https://gpsc-ojas.gujarat.gov.in પર જોવા વિનંતી છે. ત્યારબાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

**પ્રાથમિક કસોટીની સૂચિત તા: ૦૫-૦૧-૨૦૨૦**
**પ્રાથમિક કસોટીના પરિણામનો સૂચિત મહિનો: માર્ચ– ૨૦૨૦**
**રૂબરૂ મુલાકાતનો સૂચિત મહિનો: જૂન – ૨૦૨૦**
**આખરી પરિણામ:- રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિધ્ધ કરવામાં આવશે.**

જગ્યાનું નામ:- ઉદ્યોગ અને ખાણ વિભાગની કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ કચેરી હસ્તકની પ્રોજેક્ટ મેનેજર, વર્ગ-૧ની કુલ-૦૪ જગ્યા

| ક્રમ | સંવર્ગનું નામ | કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવાર માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | બિન અનામત | ૦૧ | ૦૦ |
| ૨ | સા. અને શૈ. પ. વર્ગ | ૦૨ | ૦૦ |
| ૩ | અનુ. જનજાતિ | ૦૧ | ૦૦ |
| | કુલ | ૦૪ | ૦૦ |

**નોંધ:**

૧. અનામત કક્ષાના ઉમેદવારો બિન-અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તે સંજોગોમાં તેઓને બિન-અનામતની કક્ષા માટેના ધોરણો લાગુ પડશે.

૨. કુલ જગ્યાઓ પૈકી એક પણ જગ્યા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલ નથી. પરંતુ B(Blindness ૪૦ ટકા કે તેથી વધુ અને ૧૦૦ ટકા સુધી), OL(One Leg affected), BL(Both Leg affected), OA(One Arm affected), OAL(One Arm One Leg affected), LV (Low Vision ૪૦ ટકા કે તેથી વધુ અને ૧૦૦ ટકા સુધી) અને HH (Hearing Handicapped ૪૦ ટકા કે તેથી વધુ અને ૧૦૦ ટકા સુધી) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે.

